# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૭ તા.૧૯-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- કોવિડ-૧૯ના માર્ગદર્શન અંગેનું બાયસેગ પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/ગ/કોવિડ-૧૯/ માર્ગદર્શન/બાયસેગ પ્રસારણ/૨૦૨૧/૧૯૪૮-૨૦૩૪ તા.૧૯-૪-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજયના પરમ સન્માનીય રાજયપાલશ્રી દ્વારા રાજયની તમામ પ્રાથમિક શાળાના શિક્ષકોને તા.૨૪-૦૪-૨૦૨૧ ના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ કલાક સુધી કોવિડ-૧૯નું જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે. આ પ્રસારણમાં માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ પણ ઉપસ્થિત રહી માર્ગદર્શિત કરશે.

સદર કાર્યક્રમ ગુજરાત સરકાર દ્વારા ‘વંદે ગુજરાત ચેનલ-૧’ પર વિનામુલ્યે ઘરે બેઠા નિહાળી શકાશે. ઉપરાંત બધી ચેનલો DIST TV DTH(CHANNEL NO2100-2115) અને JIO TV APPLICATION મારફતે મોબાઈલ ફોન ઉપર પણ નિહાળી શકાશે તે દિવસે તમામ શિક્ષકોએ જરૂરી વ્યક્તિગત અંતર જાળવી કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરી સદર પ્રસારણ નિહાળવાનું રહેશે.

તા.૧૯-૦૪-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૭-A તા.૧૯-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- ધોરણ ૧ થી ૮માં માસ પ્રમોશન આપવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૨૧/૧૮૯૬૯૯/ક તા.૧૬-૦૪-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કોરોના વાઇરસ(કોવિડ-૧૯)નું સંક્રમણ વધતાં તારીખ ૧૫/૦૪/૨૦૨૧ના રોજ સરકારશ્રી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજ્યના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અંગેના કરેલ નિર્ણયની જાહેરાત કરવામાં આવેલ છે. એટલે કે આ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક : GH/SH/83/PRE/122019/Single File-5/Kથી આપેલ સૂચનાઓનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતો મોકૂફ રાખવામાં આવેલ છે. સરકારશ્રીના આ નિર્ણય મુજબ રાજ્યમાં કોરોનાના વ્યાપક ફેલાવાને કારણે રાજ્યમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ પૂરતું માસ પ્રમોશનથી આગળના ધોરણમાં લઇ જવાની મંજૂરી આપવામાં આવે છે.

હાલમાં Home Learning અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહયું છે જે આગામી સમયમાં પણ ચાલુ જ રહેશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સતત મૂલ્યાંકન તેમજ ઉપચારાત્મક કાર્યના ભાગરૂપે વિદ્યાર્થીઓનું સમયાંતરે જરૂરિયાત મુજબ મૂલ્યાંકન કરવામાં આવશે. પરંતુ આ મૂલ્યાંકનના પરિણામોના આધારે કોઇપણ વિદ્યાર્થીઓને નાપાસ કરવાના રહેશે નહીં. આ અંગેની આનુષાંગિક વિગતવાર સૂચનાઓ GCERT,ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવશે. જેની હવે પછી જાણ કરવામાં આવશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૪-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ધોરણ ૧ થી ૮ માં માસ પ્રમોશન આપવા

બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય, સરદાર ભવન,

સેક્ટર-૧૦, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫

Email ID: sok51343@gmail.com

પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/૧૮૯૬૯૯/ક

તારીખ : ૧૬/૦૪/૨૦૨૧

પરિપત્ર :

રાજ્યમાં તાજેતરમાં કોરોનો વાઇરસ (કોવિડ-૧૯) નું સંક્રમણ વધતાં તારીખ ૧૫/૦૪/૨૦૨૧ ના રોજ સરકારશ્રી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજ્યના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અંગેના કરેલ નિર્ણયની જાહેરાત કરવામાં આવેલ છે. એટલે કે આ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક : GH/SH/83/PRE/122019/Single File-5/K થી આપેલ સૂચનાઓનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતો મોકૂફ રાખવામાં આવે છે. સરકારશ્રીના આ નિર્ણય મુજબ રાજ્યમાં કોરોનાના વ્યાપક ફેલાવાને કારણે રાજ્યમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ પૂરતું માસ પ્રમોશનથી આગળના ધોરણમાં લઇ જવાની મંજૂરી આપવામાં આવે છે.

૨. હાલમાં Home Learning અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે જે આગામી સમયમાં પણ ચાલુ જ રહેશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સતત મૂલ્યાંકન તેમજ ઉપચારાત્મક કાર્યના ભાગરૂપે વિદ્યાર્થીઓનું સમયાંતરે જરૂરિયાત મુજબ મૂલ્યાંકન કરવામાં આવશે. પરંતુ આ મૂલ્યાંકનના પરિણામોના આધારે કોઇપણ વિદ્યાર્થીઓને નાપાસ કરવાના રહેશે નહીં. આ અંગેની આનુષંગિક વિગતવાર સૂચનાઓ GCERT, ગાંધીનગર દ્વારા બહાર પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

નકલ રવાના :

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, GCERT, સેક્ટર-૧૩, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/મા.પ્ર./૨૦૨૧/૩૦૪૨ - ૩૧૨૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડો. જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા.૧૬/૦૪/૨૦૨૧

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

૪/- જાણ તથા અમલ સારૂં..

(એન.પી.રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર